અપીલ અરજી નં.૩૬૫ તા.૧૯–૧–૧૦

અરજદારઃ– શ્રી કિશોરકુમાર નુરી મીડીયા
સામાવાળાઃ– ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી કિશોરકુમાર નુરી મીડીયા લી.ની તા.૬/૭–૧૦–૦૯ ની અરજીથી કુન્દાબેન અજયભાઈ સોનવણેની બી.પી.એલ. કાર્ડ (યાદી) માં દાખલ કરવા કરેલ કાર્યવાહી ની વિગત તથા તેના નોટીંગ વિભાગની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૦–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૬૫/૨૦૦૯–૧૦

શ્રી કિશોરકુમાર નુરી મીડીયા લી.ની તા.૬/૭–૧૦–૦૯ ની અરજીથી કુન્દાબેન અજયભાઈ સોનવણેની બી.પી.એલ. કાર્ડ (યાદી) માં દાખલ કરવા કરેલ કાર્યવાહી ની વિગત તથા તેના નોટીંગ વિભાગની માહિતી આપવા બાબતે ઈ.ચા.ચીફ પ્રોજેકટ ઓફિસરઅને જાહેર માહિતી અધિકારી (યુસીડી)ના પત્ર નં.યુ.સી.ડી/૧૨૩૭ તા.૨૪–૧૨–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૩૧ તા.૩૦–૧–૧૦ થી ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી) તથા અરજદારને અપીલ અરજીમાં કઈ માહિતી મુળ અરજીના સંદર્ભે મળી નથી તથા કઈ બાબતે નારાજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી યુસીડી/આ.નં.૧૪૪૧ તા.૮–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં તા.૩૦–૧૦–૦૯ નો શ.વિ. અને શ.ગૃ.નિ. વિ. ના પત્ર ક્રમાંક પરચ/૮૦૨૦૦૯/આરટીઆઈ/૬૩/પી ની નકલ, નૂરી મીડીયાએ તા.૭–૧૦–૦૯ ના રોજ મુખ્ય મંત્રીશ્રીને કરેલ અરજીની નકલ, કુન્દાબેન અજયભાઈ સોનવણેની એફીડેવીટની નકલ, કુન્દાબેનનો ચૂંટણીકાર્ડની નકલ, સ્લમ સર્વે ફોર્મની નકલ, નુરી મીડીયાના એકઉન્ટ ઓપનીંગ મેળાની નકલ, અરજદારને જાહેર માહિતી અકિરીએ આપેલ માહિતી પત્ર નં.યુસીડી/૧૧૦૮ તા.૨૧–૧૧–૦૯ ના પત્રની નકલ, કુન્દાબેને બીપીએલ કાર્ડ માટે કરેલ અરજી ફોર્મ નં.૧૧૧૨૧૧ ની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર ન.યુસીડી/૧૨૩૭ તા.૨૪–૧૨–૦૯ ના પત્રની નકલતથા નુરી મીડીયાનો તા.૩–૧૨–૦૯ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૬/૭–૧૦–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે માહિત માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.યુસીડી/૧૧૦૮ તા.૨૧–૧૧–૦૯ થી "શ્રી કુન્દાબેન અજયભાઈ સોનવણે,૧૩, દીનદયાળનગર, કાપોદ્રા, સુરતનું નામ બીપીએલ કાર્ડ યાદીમાં દાખલ કરવાની વિગતો સંદર્ભમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા ભારત સરકારની સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજનાની ગાઈડ લાઈન મુજબ રૂા.૫૦૧.૧૪ પૈસાની માથાદીઠ માસીક આવક મર્યાદા કરતાં અરજદારે રજૂ કરેલ અરજી ફોર્મમાં આવક વધુ હોય અરજી રદ થયેલ છે તેવી માહિતી આપેલ છે. તેમજ પત્ર નં.યુસીડી/૧૨૩૭ તા.૨૪–૧૨–૦૯ થી બીપીએલ યાદીમાં સમાવેશ માટે કરેલી અરજીમાં અરજદારે સ્વયં નિયત આવક મર્યાદા કરતાં વધુ આવક દર્શાવેલ હોવાથી સ્ક્રુટીની દરમ્યાન આપોઆપ અરજી રદ થયેલ છે. તેવું પણ અરજદારને જણાવેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. અરજદારે તા.૨૦–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી એપેલેટ અધિકારીના નામ અને એડ્રેસની વિગત માંગેલ છે. તેમજ માહિતી ૩૫ દિવસના વિલંબ બાદ આપવા બદલ ફી માહિતીની રજૂઆત કરેલ છે. તથા પીઆઈઅઓને દંડકીય કાર્યવાહીની રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુળ અરજી બાબતે શું માહિતી મળેલ નથી તે અંગે અરજદારને નં.આરટીઆઈ/૧૨૩૧ તા.૩૦–૧–૧૦ ના રોજ પત્ર પાઠવી તક આપવા છતાં પણ જણાવેલ નથી. અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની બીપીએલ કાર્ડની કાર્યવાહી બાબતેની માહિતી પૂરી પડાયલ જણાય છે. પરંતુ નોટીંગ વિભાગ પૂરો પાડેલ જણાતો નથી. વધુમાં એપેલેટ અધિકારીની વિગતો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ છે.

આરટીઆઈ કાયદાની કલમ–૬(૧) હેઠળ આરટીઆઈ નિયમ–૩ થી ઠરાવેલ નમુનાની વિગતે અરજદારે માહિતી માંગતી અરજી કરવી રહે. અરજદારની અરજી જોતાં તેમાં કોની માહિતી જોઈએ છે તે વિષય વસ્તુનો નિર્દેશ નથી. તે જ રીતે અપીલ અંગે કાયદાની કલમ–૧૯(૧) અન્વયે નિયમ–૬(૧) હેઠળ નિર્દિષ્ટ વિગતે અપીલ કરવાની રહે છે. અરજદારે અપીલમાં માહિતીનું વિષય વસ્તુ નારાજગી કે જાહેર માહિતી અધિકારી અંગેની સ્પષ્ટ કોઈ જ વિગતો જણાવેલ નથી. એ પણસૂચક છે કે અરજદાર સુરતના છે માહિતીનું વિષય વસ્તુ સુરત મનપાના કાર્યક્ષેત્રનું છે છતાં ગાંધીનગર સરકારી કાર્યાલયને અરજી કરી બાદમાં અરજીની વિગતસહ અપીલ તબકકે વિના મૂલ્યે માહિતીનો આગ્રહ રાખવાનું જાહેર માહિતી અધિકારી સામે દંડકીય કાર્યવાહી કરવાનો અભિગમ કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ મર્યાદિત નાણાકીય સંશાધનોનો મહત્તમ ઉપયોગ તથા જાહેર સત્તા મંડળના કાર્યક્ષમ સંચાલનના ઉદૃશો સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬/૭–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નોટીંગ વિભાગની નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫(બી) મુજબ ફી ભરપાઈ કરાવી અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને હોઈ અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી કિશોરકુમાર નુરી મીડીયા લી.